શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેધાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ વદ અગિયારસ બુધવાર ૧૩ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૦

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# ત્રીજીએ લેવાયેલી NEET 2026 પરીક્ષા રદ




**૨૩** લાખ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ફરી અદ્ધરતાલ!

**પેપર** લીક થઇ ગયું હોવાની જાણ થતા લેવાયેલો નિર્ણય

**નવેસરથી** પરીક્ષા લેવાશે, તારીખો દસેક દિવસમાં જાહેર કરાશે

**પરીક્ષાર્થીઓએ** નવેસરથી નોંધણી કરાવવાની જરૂર નથી, અગાઉના કેન્દ્રો પર જ પરીક્ષા લેવાશે

**સીબીઆઇને** તપાસ સોંપાઇ, વહીવટી બિનકાર્યક્ષમતાનો નમૂનો" - વિપક્ષી નેતાઓએ સરકારને ઝાટકી

નવી દિલ્હી, તા. 12(PTI) નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ પેપર લીકના આક્ષેપો વચ્ચે 3 મેના રોજ લેવાયેલી NEET(UG) 2026ની પરીક્ષા મંગળવારે રદ જાહેર કરી દીધી છે, અને સરકારે આ અનિયમિતતાઓની વ્યાપક તપાસ કરવા માટે CBIને જણાવ્યું છે. મેડિકલ કોલેજોમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા હવે નવેસરથી લેવામાં આવશે, જેની તારીખો અલગથી જાહેર કરવામાં આવશે.

X પરના એક નિવેદનમાં, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ જણાવ્યું હતું કે આ નિર્ણય પારદર્શિતા જાળવવા અને રાષ્ટ્રીય પરીક્ષા પ્રણાલીમાં વિશ્વાસ ટકાવી રાખવાના હિતમાં લેવામાં આવ્યો છે. એજન્સીએ કહ્યું, કેન્દ્રીય એજન્સીઓના સંકલનમાં NTA દ્વારા બાદમાં તપાસવામાં આવેલા ઈનપુટ્સ અને કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા શેર કરાયેલા

...અનુસંધાન પાના 11 પર

## વિદ્યાર્થીઓમાં રોષ: અનેક સ્થળે દેખાવો

એકવાર લેવાઇ ગયેલી નીટ પરીક્ષા રદ જાહેર કરવામાં આવી તેનાથી ખાસ કરીને મેડિકલ પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વારંવારના પેપર લીકથી એનટીએ પરથી વિશ્વાસ ઉઠી ગયો છે એવો સૂર સાંભળવા મળ્યો હતો. પેપર લીક અને તેને પગલે પરીક્ષા રદ થવાના વિરોધમાં દેશમાં અનેક સ્થળે એનએસયુઆઇ, એસએફઆઇ જેવા વિદ્યાર્થી સંગઠનોએ દેખાવો યોજ્યા હતા.

## નાસિકમાંથી એક પકડાયો: સીબીઆઇને સોંપાયો

નાશિક, તા. ૧૨(PTI): સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ મંગળવારે સાંજે મહારાષ્ટ્રના નાશિકમાંથી એક વ્યક્તિને કથિત NEET પેપર લીક મામલે કસ્ટડીમાં લીધો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. આ અગાઉ દિવસ

...અનુસંધાન પાના 11 પર

## નીટનું પેપર નાસિકના પ્રિન્ટિંગ પ્રેસમાંથી જ લીક થયું હોવાનું જણાય છે

**નાસિકથી** ગુરુગ્રામના એક ડોક્ટર પાસે પહોંચ્યુ, ડોક્ટર પાસેથી જયપુરના એક શખ્સે ખરીદ્યું

**ગેસ** પેપર તરીકે આ પેપર ફરતું કરાયું હતું, રાજસ્થાનના સીકરમાં સૌથી વધું ફેલાયું

**એક** વિદ્યાર્થીએ તો આ પેપરના રૂ. ૨૮ લાખ ચુકવ્યા!

જયપુર, નવી દિલ્હી, તા. ૧૨: તપાસકર્તાઓનું માનવું છે કે NEET-UG પેપર કદાચ નાસિકના પ્રિન્ટિંગ પ્રેસમાંથી સીધું લીક થયું હતું. સૂત્રોએ જણાવ્યું હતુ કે પ્રિન્ટિંગ પ્રેસ સાથે સંકળાયેલી એક વ્યક્તિએ સંભવિતપણે પેપરને ચેઇન નેટવર્કમાં પસાર કર્યું હતું જેના દ્વારા તે હરિયાણાના ગુરુગ્રામમાં એક ડોક્ટર પાસે પહોંચ્યું હતું. ત્યારબાદ જયપુરના જામવા રામગઢના ખટીક નામના શખ્સે કથિત રીતે ડોક્ટર પાસેથી પેપર ખરીદ્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે CBIએ નાસિક પ્રિન્ટિંગ પ્રેસ સાથે જોડાયેલા વ્યક્તિની અટકાયત કરી લીધી છે. અહીંથી જ બાબતો રસપ્રદ બને છે. જામવા રામગઢથી પેપર કથિત રીતે સીકરમાં રાકેશ કુમાર માંડવરિયા નામના વ્યક્તિ સુધી પહોંચ્યું હતું. રાકેશ સીકરની મોટી કોચિંગ સંસ્થાઓ માટે MBBS કાઉન્સેલિંગ એજન્ટ તરીકે કામ કરે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે NEET પેપર દેશભરમાં વન-ટુ-વન નેટવર્ક દ્વારા વિતરિત કરવામાં આવ્યું હતું, જે દિલ્હી, જમ્મુ અને કાશ્મીર, બિહાર, કેરળ અને ઉત્તરાખંડના કોચિંગ સેન્ટરો સુધી પહોંચ્યું હતું. સીકર, જે હવે રાજસ્થાનના નવા કોટા તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે, તે NEET પેપર લીક કેસની તપાસમાં હવે CBIનું સૌથી મોટું કેન્દ્ર બન્યું છે.

...અનુસંધાન પાના 11 પર

## પરીક્ષા થઇ ગઇ તેના ચાર દિવસ પછી ગેરરીતિની ખબર પડી

**પરીક્ષા** પહેલા એક guess paper ફરતું થયું હતું, તેમાંથી જ ઘણા પ્રશ્નો પૂછાયા છે

NTA એ કહ્યું હતું કે, "નેશનલ ટેસ્ટિંગ એજન્સી NEET (UG) 2026 ની આસપાસની કથિત અનિયમિતતાઓના સંદર્ભમાં રાજસ્થાન સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ દ્વારા શરૂ કરવામાં આવેલી કાર્યવાહીના અહેવાલોથી વાકેફ છે. 3 મે 2026 ના રોજની પરીક્ષા નિર્ધારિત કાર્યક્રમ મુજબ

...અનુસંધાન પાના 11 પર

## AIADMKમાં ભડકો: 30 ધારાસભ્યો વિજયના શરણે!

**પલાનીસ્વામી** સામે 'બળવો' વેલુમણી અને શણમુગમની આગેવાનીમાં 30 ધારાસભ્યોએ વિજયની ટીવીકે સરકારને ટેકો જાહેર કર્યો

**કટ્ટર** હરીફ ડીએમકે સાથે સરકાર રચવાનો પ્રયાસ કરવા બદલ પક્ષના વડા પલાનીસ્વામીની ઝાટકણી કાઢી



ચેન્નાઇ, તા. ૧૨(પીટીઆઇ): તમિલનાડુનો વિરોધ પક્ષ AIADMK મંગળવારે વિભાજન તરફ આગળ વધતો જણાયો હતો. ધારાસભ્યોના એક જૂથે પક્ષના વડા એડપ્પાદી કે. પલાનીસ્વામી સામે બળવો કર્યો હતો અને તેમના પર કટ્ટર હરીફ DMK સાથે ગઠબંધન માંગવાનો આરોપ લગાવીને બુધવારે યોજાનારા ફ્લોર ટેસ્ટ પહેલા વિજયના નેતૃત્વવાળી સરકારને સમર્થન જાહેર કર્યું છે. વરિષ્ઠ નેતાઓ એસ.પી. વેલુમણી અને સી. વી. શણમુગમના નેતૃત્વમાં આશરે 30 ધારાસભ્યો બળવાખોર છાવણીમાં હોવાનું માનવામાં આવે છે, જેમણે 23 એપ્રિલની વિધાનસભા ચૂંટણીમાં પક્ષના પરાજય બાદ પલાનીસ્વામીના નેતૃત્વ પર સવાલ ઉઠાવ્યા છે. આ ચૂંટણીમાં પક્ષે લડેલી 164 બેઠકોમાંથી માત્ર 47 બેઠકો પર જ જીત મેળવી હતી.

પત્રકારો સાથે વાત કરતા શણમુગમે જણાવ્યું હતું કે તેઓ સી. જોસેફ વિજયને મળીને તેમની સરકારને ટેકો આપતો પત્ર સોંપશે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે પક્ષના જનરલ સેક્રેટરી એડપ્પાદી કે. પલાનીસ્વામી DMKના સમર્થનથી સરકાર બનાવવા માંગતા હતા. AIADMKની સ્થાપના જ DMKનો વિરોધ કરવા અને તેને ઉખેડી ફેંકવા માટે કરવામાં આવી હતી તે યાદ અપાવતા શણમુગમે કહ્યું કે, એમ.કે. સ્ટાલિનના નેતૃત્વવાળા પક્ષના ટેકાથી સરકાર બનાવવાના પલાનીસ્વામીના પ્રસ્તાવનો પક્ષના તમામ સભ્યો વિરોધ કરે છે. તેમણે ઉમેર્યું કે આવો કોઇ પણ પ્રસ્તાવ AIADMKના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. પક્ષને હવે નવું જીવન જોઈએ છે અને અમ્મા(જયલલિતા) શાસન પરત આવવું જોઈએ, તેથી તેમણે TVKને સમર્થન આપવું જોઈએ.

...અનુસંધાન પાના 11 પર




### પવન ખેડા અને કાયદાકીય લડત

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડા અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા વચ્ચેના પ્રકરણમાં અંતે ભારતીય સર્વોચ્ચ અદાલતે તેમને આગોતરા જામીન મંજૂર કર્યા છે. આસામ પોલીસની ધરપકડથી બચવા માટે તેમણે એક લાંબો અને ગૂંચવણભર્યો કાયદાકીય રસ્તો અપનાવવો પડ્યો હતો. તેમની સામેનો આ કેસ મુખ્યમંત્રીના પત્ની રિંકી ભુયાન સરમા વિરુદ્ધ કરેલી કથિત ટિપ્પણીઓ સાથે જોડાયેલો છે.

જોકે, આ રાહત એવા સમયે મળી છે જ્યારે પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે અને આ દરમિયાન કોંગ્રેસે તેના સૌથી શક્તિશાળી અવાજોમાંના એકને ગુમાવ્યો હતો. તેમ છતાં, ખેડાએ પક્ષનો સાથ આપવા બદલ આભાર માન્યો છે. કારણ કે, કોંગ્રેસના દિગ્ગજ વકીલ અને રાજ્યસભાના સાંસદ અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં તેમની બચાવ ટીમનું નેતૃત્વ કર્યું હતું.

આ સમયગાળા દરમિયાન, ખાસ કરીને જ્યારે ગુવાહાટી હાઈકોર્ટે તેલંગાણા હાઈકોર્ટના ધરપકડ પરના સ્ટેને ફગાવી દીધો, ત્યારે ખેડા તેલંગાણામાં રોકાયા હતા, જ્યાં કોંગ્રેસના મુખ્યમંત્રીનું શાસન છે. દેખીતી રીતે, તેલંગાણાના મુખ્યમંત્રી રેવન્ત રેડ્ડીએ રાજ્ય પોલીસને સૂચના આપી હતી કે કોઈપણ સંજોગોમાં આસામ પોલીસ

...અનુસંધાન પાના 11 પર

## ખાદ્ય ચીજવસ્તુઓ, ઘરેણા મોંઘા થતાં છૂટક ફુગાવો વધ્યો

**માર્ચમાં** ૩.૪૦ ટકા હતો તે એપ્રિલમાં વધીને ૩.૪૮ ટકા થયો

**જો કે,** હજુય આરબીઆઇના ચાર ટકાના કમ્ફર્ટ ઝોનની અંદર



નવી દિલ્હી, તા. 12: ભારતમાં છૂટક ફુગાવાના મામલે હળવો આંચકો લાગ્યો છે. સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર એપ્રિલમાં છૂટક ફુગાવાના દરમાં થોડો વધારો થયો હતો, જે વધીને 3.48 ટકા પર પહોંચ્યો હતો. જે અગાઉના મહિને એટલે કે માર્ચમા આ આંકડો 3.4 ટકાનો તો. આ વધારની પાછળ મુખ્ય કારણ ખાદ્ય ચીજોના ભાવ વધારો છે. જોકે, અર્થતંત્ર માટે રાહત એ છે કે એકંદર ફુગાવાનો દર હજુય પણ આરબીઆના લક્ષ્યાંક ચાર ટકાથી નીચે છે.

અર્થતંત્રના આ આંકડાઓનું ઊંડાણપૂર્વકનું વિશ્લેષણ દર્શાવે છે કે લોકોના રસોડાના બજેટ મુખ્યત્વે નબળા પડ્યા છે. ખાદ્ય ફુગાવો માર્ચમાં 3.87 ટકાથી વધીને એપ્રિલમાં 4.20 ટકા થયો હતો. આમાં, ગ્રામીણ વિસ્તારોમાં ખાદ્ય મોંઘવારીનો દર શહેરી વિસ્તારોની તુલનામાં ઝડપથી વધ્યો છે. ફુગાવાની અસર માત્ર રેશનિંગ સુધી મર્યાદિત નથી. એપ્રિલમાં સૌથી વધુ ફુગાવો પર્સનલ કેર અને પરચુરણ ગુડ્સ કેટેગરીમાં જોવા મળ્યો હતો, જેમાં 17.66 ટકાનો તીવ્ર વધારો નોંધાયો હતો. તેનાથી વિપરીત, ઈંધણના ભાવમાં નરમાશને કારણે પરિવહન ફુગાવો -0.01 ટકા પર લગભગ સપાટ રહ્યો હતો, જેના કારણે નૂર અને મુસાફરી ખર્ચમાં કોઈ નોંધપાત્ર વધારો થયો ન હતો.

મોંઘવારીના દરમાં નજીવો વધારો થયો છે, તેમ છતાં સરકાર અને આરબીઆઈ માટે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. ભારતે 1 એપ્રિલ 2026 થી 31 માર્ચ 2031 સુધીના

...અનુસંધાન પાના 11 પર

**ભારત પાસે બે મહિનાનો સ્ટોક: પણ ઓઇલ કંપનીઓની ખોટ રૂ. ૧ લાખ કરોડ સુધી જઇ શકે**

## પુરવઠો ફૂલ, પણ તિજોરી ગુલ

**ઓઇલ** કંપનીઓ ખોટ ખાઇને ક્યાં સુધી પેટ્રોલ, ડીઝલ, ગેસ વેચી શકશે? એવો પેટ્રોલિયમ મંત્રીનો સવાલ

**જો** કે ઈંધણના ભાવ વધારવા અંગે હાલ કોઇ ફોડ પાડ્યો નહીં



નવી દિલ્હી, તા. 12(પીટીઆઈ): બે મહિનાના ઈંધણના સ્ટોક સાથે, વૈશ્વિક ઉર્જા પ્રવાહમાં વિક્ષેપ હોવા છતાં ભારતને પુરવઠાની કોઈ ચિંતા નથી, તેમ પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ મંગળવારે જણાવ્યું હતું. જો કે, તેમણે સાથે એવી ચેતવણી પણ આપી હતી કે જો ક્રૂડના ઊંચા ભાવ યથાવત રહેશે અને છૂટક ઈંધણના ભાવમાં ફેરફાર નહીં કરવામાં આવે, તો સરકારી તેલ કંપનીઓને એક જ ક્વાર્ટરમાં 1 લાખ કરોડ રૂપિયા જેટલું નુકસાન થઈ શકે છે.

તેમણે કહ્યું કે, તેલ કંપનીઓ પડતર કિંમત કરતા ઓછા ભાવે પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ (LPG) વેચીને ક્યાં સુધી આ નુકસાન સહન કરી શકે છે, તેનું કોઈક તબક્કે મૂલ્યાંકન કરવાની જરૂર છે. જો કે, તેમણે ટૂંક સમયમાં ભાવ વધારો કરવામાં આવશે કે કેમ તે અંગે કોઈ અટકળ કરવાનો ઈનકાર કર્યો હતો. સીઆઈઆઈ (CII) ના વાર્ષિક બિઝનેસ સમિટમાં બોલતા મંત્રીએ કહ્યું, આપણી પાસે પુરવઠાની કોઈ સમસ્યા નથી. તેમણે ઉમેર્યું કે ભારત પાસે કટોકટીના સમયે ક્રૂડ ઓઈલ અને LPG નો પૂરતો જથ્થો હતો અને ત્યારથી ઘરેલું LPG ઉત્પાદન દરરોજ 36,000 ટનથી વધારીને 54,000 ટન કરવામાં આવ્યું છે. તે જ સમયે, મંત્રીએ સ્વીકાર્યું કે છૂટક ઈંધણના ભાવ સ્થિર રાખવાથી નાણાકીય દબાણ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, મારી તેલ કંપનીઓ દરરોજ 1,000 કરોડ રૂપિયા ગુમાવી રહી છે. કુલ અન્ડર-રિકવરી આશરે 1.98 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે અને એક ક્વાર્ટરમાં 1 લાખ કરોડ રૂપિયાનું નુકસાન આ ક્ષેત્રના વાર્ષિક નફાને સાફ કરી શકે છે.

પશ્ચિમ એશિયામાં 10 અઠવાડિયા પહેલા યુદ્ધ ફાટી નીકળ્યા પછી, વિશ્વની ઘણી ઉર્જા પ્રણાલીઓએ રેશનિંગ લાદ્યું અથવા ભાવમાં ભારે વધારો કર્યો, પરંતુ તેની વિપરીત ભારતીય સરકારી તેલ કંપનીઓએ (OMCs) પડતર કિંમત કરતા ઘણા નીચા ભાવે પેટ્રોલ, ડીઝલ અને LPG નો અવિરત પુરવઠો સુનિશ્ચિત કર્યો છે. આના પરિણામે ત્રણેય કંપનીઓ - IOC, BPCL અને HPCL - રેકોર્ડ સ્તરનું નુકસાન ભોગવી રહી છે.

## પાકિસ્તાન સાથે મંત્રણાની બારી હંમેશા ખુલ્લી રહેવી જોઈએ: હોસાબાલે

**આરએસએસ** સરકાર્યવાહે કહ્યું કે લોકોથી લોકો વચ્ચેનો સંપર્ક મહત્વની બાબત છે

નવી દિલ્હી, ૧૨ મે(PTI): પાકિસ્તાન સાથેના મડાગાંઠને તોડવા માટે લોકો વચ્ચેનો સંપર્ક ચાવીરૂપ છે અને સંવાદ માટે હંમેશા બારી ખુલ્લી રાખવી જોઈએ, તેમ આરએસએસના વરિષ્ઠ પદાધિકારી દત્તાત્રેય હોસાબાલેએ મંગળવારે જણાવ્યું હતું.

PTI વિડિયોઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં હોસાબાલેએ કહ્યું હતું કે, પાકિસ્તાનનું સૈન્ય અને રાજકીય નેતૃત્વ ભારતનો વિશ્વાસ ગુમાવી ચૂક્યું છે અને હવે નાગરિક સમાજ માટે માર્ગ મોકળો કરવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે, દેશની સુરક્ષા અને આત્મસન્માનનું રક્ષણ થવું જોઈએ અને જે-તે સમયની સરકારે તેની કાળજી લેવી જોઈએ. પરંતુ તે જ સમયે, આપણે દરવાજા બંધ કરવાની જરૂર નથી. આપણે તેમની સાથે સંવાદમાં જોડાવા માટે હંમેશા તૈયાર રહેવું જોઈએ. આરએસએસના સરકાર્યવાહએ બંને દેશો વચ્ચેના મડાગાંઠને તોડવા માટે લોકો વચ્ચેના સંપર્કને ચાવીરૂપ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે હવે તેનો વધુ ને વધુ પ્રયાસ થવો જોઈએ.

જ્યારે સરકાર 'ટ્રેક-ટુ ડિપ્લોમેસી' પર મૌન છે, ત્યારે વિપક્ષી નેતાઓ સહિત અનેક બૌદ્ધિકો લાંબા સમયથી નાગરિક સમાજના જોડાણની હિમાયત કરી રહ્યા છે. હોસાબાલેએ કહ્યું, મને લાગે છે કે આ એક આશા છે, કારણ કે હું દ્રઢપણે માનું છું કે આખરે નાગરિક સમાજના સંબંધો જ કામ કરશે. કારણ કે આપણો સાંસ્કૃતિક સંબંધ છે અને આપણે એક રાષ્ટ્ર રહ્યા છીએ. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે ભારતે પાકિસ્તાન અને તેના દ્વારા આતંકવાદને સતત મળતા પ્રોત્સાહન સાથે કેવી રીતે વ્યવહાર કરવો જોઈએ, ત્યારે તેમણે કહ્યું: જુઓ, બધું જ (રાજદ્વારી રીતે) અજમાવવામાં આવ્યું છે અને પાકિસ્તાન સતત કાંકરીચાળો કરતું રહે છે, તેમણે ૨૬/૧૧, પુલવામા અને પહેલગામ જેવા આતંકવાદી હુમલાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે વેપાર, વાણિજ્ય અને વિઝા આપવાનું બંધ ન થવું જોઈએ કારણ કે સંવાદ માટે હંમેશા એક બારી હોવી જોઈએ. હોસાબાલેએ ઉમેર્યું કે, એટલા માટે જ રાજદ્વારી સંબંધો જાળવી રાખવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે શિક્ષણવિદો, રમતવીરો, વૈજ્ઞાનિકો અને સામુદાયિક નેતાઓએ ત્યાં આગળ આવવું જોઈએ, કારણ કે તેમના રાજકીય અને સૈન્ય નેતૃત્વમાં ભારત પ્રત્યે અણગમો પેદા થયો છે.

**ઓપરેશન સિંદુર વખતની લડાઇમાં પાક.ને મદદ કરવા બદલ ચીનને ભારતે ઝાટક્યું**

## તમારી પ્રતિષ્ઠા પર કેવી અસર થાય છે તે વિચારો: ચીનને ભારતનો ચાબખો

**વિદેશ** મંત્રાલયે કહ્યું કે એક જવાબદાર દેશે વિચારવું જોઇએ કે આતંકવાદી માળખાને સુરક્ષિત રાખવાના પ્રયાસોને ટેકો આપવાથી પોતાની વિશ્વસનિયતાને શું અસર થશે?

નવી દિલ્હી, તા. ૧૨: ભારતે મંગળવારે જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ચીને પાકિસ્તાનને મદદ કરી હોવાના અહેવાલો અગાઉની માહિતીઓને પુષ્ટિ આપે છે. ભારતે ઉમેર્યું કે, જે દેશો પોતાને જવાબદાર માને છે તેમણે એ વાત પર વિચાર કરવાની જરૂર છે કે આતંકવાદી માળખાને સુરક્ષિત રાખવાના પ્રયાસોને સમર્થન આપવાથી તેમની પ્રતિષ્ઠા પર શું અસર પડે છે.

મે ૨૦૨૫માં પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' દરમિયાન બેઇજિંગે પાકિસ્તાનને તકનીકી સહાય પૂરી પાડી હોવાનું ચીની સત્તાવાર મીડિયા અહેવાલોમાં સ્વીકારવામાં આવ્યું હતું. આ અંગેના પ્રશ્નનો જવાબ આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ નિવેદન આપ્યું હતું. જયસ્વાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, અમે આ અહેવાલો જોયા છે જે અગાઉ જે જાણીતું હતું તેને જ પુષ્ટિ આપે છે. ઓપરેશન સિંદૂર એ પહેલગામમાં થયેલા આતંકવાદી

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૩-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૩.૬° સે. | ૨૯.૨° સે. | ૧૯% |